जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 18 • Issue No. : 2 • Pages : 8 MUMBAI • 1st February - 2020 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# આધુનિક શિક્ષણ અંગે સાચી સમજુતી

૧. હાલ જે ભણાય છે કે ભણાવાય છે, તે વિદ્યા નથી. ભણનાર વિદ્યાર્થી નથી. ભણવાના સ્થાનો વિદ્યાલયો નથી.

૨. છ સ્થાનક ઉપર હેયોપાદેય તત્ત્વજ્ઞાનના આધાર ઉપર ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિનું જ્ઞાન મેળવવું, તથા તદનુસાર વર્તન, તાલીમ વગેરે શિક્ષા વિદ્યા કહેવાય છે. બીજા ભણતરને વિદ્યા ન કહેવાય. તે ભણનારને વિદ્યાર્થી ન કહેવાય. તેના સ્થાનોને વિદ્યાલયો ન કહેવાય. જે શિક્ષાને વિદ્યા કહેવાય તે ભણનાર વિદ્યાર્થી. તે જેમાં શિખાય તે વિદ્યાલય.

૩. છતાં સોનાને લોઢું, અને પથરાને સોનું આજે કહેવાય છે.

૪. શિક્ષા અને શિક્ષણના અર્થમાં ફરક છે. કેળવણી અને જ્ઞાનના અર્થમાં ફરક છે. આજે શિક્ષણ અને કેળવણી લેવાય છે. શિક્ષા અને જ્ઞાન ઘટતું જાય છે. તે લેવાનું બંધ પડતું જાય છે. છતાં શિક્ષણ વધ્યું છે, જ્ઞાનનો જમાનો છે એમ કહેવાય છે. ઇંદ્રજાળની બલિહારી છે.

૫. પ્રજાના પરંપરાગત ધંધા જ અદૃશ્ય કરાયા છે. ઇસ્ટ ઇંડિયા કંપની આવી ત્યારથી લુપ્ત ધંધાવાળાને નવા ધંધા ધમધોકાર અપાય છે, અને ગરીબી તથા બેરોજગારી દૂર કરાય છે. પરંતુ તે પહેલાં નવા ધંધાને લાયક થવા માટે શિક્ષણ કેળવણી લેવી જ પડે તેમ હોય છે. સુથાર જેમ લાકડાના કકડાનો રંધો બનાવી લે છે. વારસાના ધંધામાંથી છુટેલાઓ કેળવણીના ક્ષેત્રમાં ઘડાઈને બહાર આવે છે, જે નવા નવા ધંધામાં લાગુ પડે જ છે.

૬. આજે તો પ્રાંતોમાં ઘણા જિલ્લાઓમાં કોલેજો શરૂ થઈ છે. કારણ કે તે પ્રદેશના લોકોના ધંધા તુટવાથી તે પ્રદેશના લોકોના યુવકોને કેળવીને નવા ધંધામાં લઈ નવા ધંધા હવે જિલ્લાવાર સ્થાપવાની યોજના આગળ આવી રહી છે, અને મોટા શહેરોના આધુનિક ધંધાઓ જિલ્લાઓના મૂળભૂત ધંધાઓ તોડે છે.

દા.ત. તેલની મિલ ઘાંચીના ધંધા તોડે, સુવર્ણધારો સોનીના ધંધા તોડે, સ્ટેઇટ કોર્પોરેશન વેપારીઓના વેપાર તોડે, બાટા મોચીનો ધંધો તોડે, ડેરી પશુ ઉચ્છેર જાતિઓના ધંધા તોડે, બેંકો શરાફી તોડે.

૭. તેમાંથી બિનરોજગારી જન્મે.

૮. તેમાંથી ધંધાની ભૂખ જન્મે.

૯. તે પહેલાં શિક્ષણ લેવું પડે, તે વિના નવા ધંધા ન મળે.

૧૦. જેથી શિક્ષણ લેનારાઓના આંકડા મોટા દેખાતા જાય ને લોકોને રાજી કરાય કે, ''પ્રજા હવે અજ્ઞાન મટીને શિક્ષિત બની રહી છે.'' એ જ વાત ઉપર સૌ ભાર આપે. ધંધાના નાશ તરફ લક્ષ્ય જ ન જવા દેવાય.

૧૧. નવા ધંધામાં રોકાયેલા બહારની પ્રજાના લાભના નવા ધંધા ખૂબ સારી રીતે ચલાવવામાં મદદ કરે, જેથી બહારના ધંધા આ દેશમાં ખૂબ ખીલે.

જેથી પરિણામે બીજા બેકાર થાય. તે ભણવા આવે. નવા ધંધામાં રોકાય. બીજાને બેકાર બનાવે. તે ભણવા આવે. એમ વિષચક્ર ચાલ્યા કરે છે.

૧૨. નવા ધંધા જેમ જેમ વિસ્તાર પામતા જાય, તેમ તેમ બહારવાળાઓના ધંધા ખીલતા જાય તથા તેઓની આર્થિક સમૃદ્ધિ વધતી જાય.

તેમ તેમ વિજ્ઞાન, યુદ્ધ સામગ્રી વધારે આગળ વધતી જાય.

જેમાં ફસાવાથી આ વિષચક્ર સમજવા છતાં તેમાંથી બહાર નીકળી શકાય નહીં.

૧૩. આજનું ધાર્મિક શિક્ષણ પણ કેવા સંયોગોમાં લેવું પડે ? તુટેલા ધંધાવાળા નવા ધંધા શોધવા નીકળે. તેને તે ધંધા લાયક શિક્ષણ આર્થિક સંકડામણથી ન મળી શકે. તે ધાર્મિક શિક્ષણ લે ને ધંધા એ જાતના કરે.

૧૪. અર્થાત્ આજનું કોઈ પણ શિક્ષણ ધંધા તુટવાથી બેકારોને લેવું પડે છે. તે શિક્ષા કે જ્ઞાન નથી.

૧૫. મેસાણા પાઠશાળા કે બનારસ પાઠશાળા કે ગીતા પાઠશાળા કે મદરેસા - એ તમામ બેકારીમાંથી જન્મેલી કોઈ પણ શિક્ષણ લેવાની જરૂરિયાતમાંથી જન્મેલા શિક્ષણ છે.

૧૬. ધર્મગુરુઓનું શિક્ષણ પણ મૂળ પરંપરાથી ચ્યુત પરંપરા સાથે સંબંધ ધરાવે છે. કોઈ પણ લાઇનનું શિક્ષણ તુટેલી લાઇનમાંથી જન્મેલું છે, જે નવી લાઈનનું કારણભૂત છે.

નવી લાઈનો - વિદેશીય ધંધા - અર્થ તંત્ર - આજીવિકા પ્રધાન વગેરે ઉપર આધારિત છે. તેમ તેમ દેશની વિદેશીયો માટેની ઉન્નત્તિ તથા વિદેશોની ઉન્નતિ થતી જ જાય છે. સ્થાનિક પ્રજાનું બળ, સત્તા, અધિકાર, સુખ, શાંતિ, ધર્મ, પુણ્ય, ધંધા, સામાજિક જીવન, રાજકીય જીવન વગેરેને બદલે ગુલામી, તાબેદારી, દુઃખ, અશાંતિ, અધર્મ, પાપ, બેરોજગારી અથવા નવા પાપપોષક ધંધા, સામાજિક-સ્વચ્છંદ અને આડકતરા ગૂઢ જુલમના ભોગ બનવું પડે છે.

કારણ ચાર પુરુષાર્થની સંસ્કૃતિના નાશથી પાપ - સ્વચ્છંદ - આર્થિક ગુલામી અને જુલમ શિવાય પારમાર્થિક રીતે શું સંભવે ?

**૧૭. આજના શિક્ષણના બે ફળ છે.**

**૧) ધર્મપ્રધાન સંસ્કૃતિના સંસ્કારોનો નાશ.**

**૨) અને સાથે જ વિદેશીય લાભની તમામ વસ્તુઓને ટેકો - સ્વીકાર - જીવનમાં ઉતારવી.**

૧૮. આમાંથી શું શું ફલિત થાય ? કે જે ઉપર બતાવ્યું છે.

૧૯. બીજા કોઈ ફળનો સંભવ જ નથી.

લગભગ અઢારેય પાપ સ્થાનકોને આડકતરી રીતે જોરદાર પોષણ શિવાય બીજું કાંઈ નથી. ભલે દરેક બાબતો ઊંચા શબ્દોથી સંબોધાતી હોય.

૨૦. મ્હેસાણા પાઠશાળા

૧) તે પણ વાસ્તવિક રીતે શોષાયેલા ધંધાઓમાંથી જન્મેલી વસ્તુ છે.

૨) જેથી પરંપરાગત ધંધા સાથે આત્મ કલ્યાણ માટે અવકાશે ભણવાના શાસ્ત્રો આજીવિકા માટે -ધંધા માટે, નોકરી માટે ભણવા પડે, ભણાય. પછી ભલેને મોટી સ્કૉલરશીપો, ઇનામો, ઇલ્કાબો, પદવીઓ વગેરે આપે. મોટા પગારો અને શિક્ષકોને સન્માન આપો. તેમાં વિદેશીય આદર્શોનો વિજય છે. કેમ કે તમારા મૂળભૂત હેતુ કરતાં તેમના શિક્ષણ પ્રચારના હેતુમાં આ બરાબર સમાવેશ પામે છે.

૩) આવી સંસ્થાઓ પણ વિદેશીય હિતો, સ્વાર્થો અને આદર્શોની વિજય પતાકા સમાન હોય છે.

એટલે જૈન શાસન દૃષ્ટિથી ઇચ્છનીય નથી, કેમ કે તેને હરકત કરનાર છે.

આ બહુ જ સૂક્ષ્મતાથી વિચારતાં પણ મુશ્કેલીથી સમજાય તેમ છે.

૪) આવી પાઠશાળાઓ પણ ધર્મ પ્રધાન મૂળભૂત સંસ્કૃતિ સાથે સંબંધ ન ધરાવતાં પ્રગતિ, નવસર્જન, પરિવર્તન, કૃત્રિમ સમય, યુગ વગેરે સાથે સંબંધ રાખે છે.

છતાં આગળ વધી ગયેલા શિક્ષણથી ઘણે દૂર છે. તથા સંસ્કૃતિનો કાંઈક બોધ આપે છે. એટલે આધુનિક શિક્ષણમાં ખૂબ આગળ વધી ગયેલી સંસ્થાઓથી બહુ પાછળ છે, પરંતુ છે એક જ કક્ષાની સંસ્થાઓ. એક જ નાતની છે, પ્રાગતિક છે, સાંસ્કૃતિક નથી, સંસ્કૃતિને હરકત કરનાર છે, પ્રગતિને દૂર દૂરથી પોષક છે. આ સત્ય હકીકત છે.

૫) હવે આ સંસ્થામાં ઉપર જણાવ્યા પ્રમાણે જ વિષયો દાખલ કરવામાં આવે, ડીગ્રીઓ અને સર્ટીફીકેટો આપવામાં આવે. એટલે તેનો બીજો અર્થ એ થયો કે-

તે સંસ્થા પણ આજની આગળ પડતી નવશિક્ષણ આપનારી સંસ્થાઓની હરોળમાં આવી. ધાર્મિક સાથે આજનું દરેક વ્યાવહારિક શિક્ષણ આપવું પડે.

એટલે કે તેનો ખર્ચ, સંચાલન, મહેનત વગેરે વધે. તેનો લાભ કોને મળે ? આધુનિક શિક્ષણને. તેનો અર્થ એ થયો કે શ્રાવકોના પૈસા ખેંચી લાવી આધુનિક શિક્ષણને આપવા. તેનો અર્થ એ થયો કે ગાયને દોહીને કૂતરીને પાવા જેવું થાય કે બીજું કાંઈ ? અને આવી સંસ્થાઓ સાથે હરીફાઈમાં ટકી રહેવા માટે આ સંસ્થાઓ પણ પાછળથી તેની કક્ષામાં આવ્યા વિના ન રહી શકે. કાયદાના દબાણ તેને લાવે.

જેમ ગુજરાતમાં અંગ્રેજીને દૂર રાખવા અંગ્રેજી આઠમા ધોરણથી શરૂ કરાવેલ. તે હવે પાંચમા ધોરણથી શરૂ કરવાનું દબાણ થઈ રહ્યું છે.

અરે, વર્ષો ગયા બાદ - ડાયરેક્ટ મેથડથી અંગ્રેજી શિક્ષણ લેવાનો આદર્શ વ્યાપક રીતે આગળ આવશે. એટલે બીજી ભાષાઓનું શિક્ષણ પણ ગૌણ, અને છેવટે લુપ્ત થવામાં શંકા ન રાખવી. બીજી પ્રાંતિક ભાષાઓને ભોગે વર્ષો બાદ હિંદી મુખ્ય બને.

પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં જ્યારે અંગ્રેજી વ્યાપક બને ત્યારે હિંદી ક્યાં રહી શકે ?

અર્થાત્ એક અંગ્રેજી ભાષાના વિશ્વવ્યાપક પ્રચાર માટે બીજી સર્વ ભાષાઓને ગૌણ બનાવી દઈ લુપ્ત કરવાની દૂરગામી યોજનાના એક ભાગ તરીકે આજે હિંદીનો રાષ્ટ્ર ભાષાને નામે પ્રચાર કરાય છે.

પછી હિંદીની પણ એ જ દશા થવાની. અર્થાત્ હિંદી ભાષાનો રાષ્ટ્રભાષા તરીકેનો પ્રચાર તે પણ આધુનિક શિક્ષણ - કેળવણી - નવસર્જન પ્રગતિનો એક ભાગ છે.

તેમ આજની ધાર્મિક સંસ્થાઓ છે. ધાર્મિક શિક્ષણ શબ્દ બોલવામાં પણ પાપ છે. (તત્ત્વાર્થાધિગમની સાર બોધિનીની ભૂમિકામાં આનો વ્યવસ્થિત વિચાર કરાયેલો છે. જુદી છપાયેલી પુસ્તિકા રૂપે રૂા.૨૫માં મેસાણાથી મળે છે.)

હાલમાં યુનેસ્કોની પ્રેરણાથી એક શિક્ષણ કમીશન મળવાનું છે. જેમાં અમેરિકા, ઇંગ્લાંડ વગેરેના શિક્ષણ પ્રધાનોને આમંત્રિત કરવાની યોજના છે.

તે પહેલાં તો ભારતના દરેક પ્રાંતોના શિક્ષણને એકસૂત્રતા સાથે સાંકળશે કે જે વિશ્વના તમામ દેશોના ભવિષ્યના શિક્ષણની એક સૂત્રતાનો નજીકનો પાયો બનશે.

આ બધુ નિરાશ કરવા લખાયેલ નથી. પરંતુ આજના શિક્ષણની વ્યાપકતાનો જિજ્ઞાસુને સાચો ખ્યાલ આવે માટે મૂળભૂત રહસ્ય સમજાવ્યું છે.

આજના શિક્ષણનો કણ પણ લીધા વિના આજીવિકા ચાલે તેમ કરવું. એ મુખ્ય આદર્શ - ઉત્સર્ગ.

છતાં ન છુટકે જેટલુ આજનું ઝેર પીવું પડે, તેટલું નુકસાન પણ આનંદથી નહીં પણ રોતા હૃદયથી જેટલું પીવું પડે તેટલું પીવું. છે ઝેર તેમાં ફરક નથી.

ઓચ્છામાં ઓચ્છી જરૂરિયાતથી સ્વાશ્રય અને સાદા જીવનથી જીવવું એ ઓચ્છા પાપનું કામ છે.

બાકી, આજનું શિક્ષણ પાપનો દ્રહ છે. કોઈ લાઇનમાં ઓચ્છું કે વધારે, કોઈમાં સીધું કે આડકતરું પાપ છે.

જેને પરિણામે જીવનમાંથી શુદ્ધ સંસ્કૃતિ નીકળી જતાં જડવાદી સંસ્કૃતિમાં દાખલ થવાશે. જેથી માતાનું રક્ષણ છૂટી જતાં ઘોર જંગલમાં હિંસક પશુઓની વચ્ચે બાળકની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ પરિણામે સમજી લેવી. આજના પાપનું ભાવિ ફળ એ છે.

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# હું ગામની પડખે ઊભો રહીશ...

એક શાસકને કોણ જાણે સ્વપ્ન આવ્યું કે ઊંચામાં ઊંચું બાવલું બનાવીએ. બાવલું બન્યું એ વાતને એક વર્ષ થવા આવશે. કેવડિયા, ગોરા, વાગડિયા કે નવાગામ હોય, આ સમગ્ર વિસ્તારને ક્યાં ખબર હતી કે વાત સ્ટેચ્યુથી અટકવાની નથી.

વધુ ને વધુ ખેતીલાયક જમીન જોઈશે... શેના માટે ? હેલીપેડ બાંધવા, એક નહીં, બે નહીં, ત્રણ. એટલા જ વિસ્તારમાં વિવિધ જગ્યાએ ત્રણ મોટાં પાર્કિંગ બંધાયાં. બાગ-બગીચાઓ પણ વળી સામાન્ય નહી, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાય પાર્ક અને વેલી ઑફ ફ્લાવર્સ. પ્રાણીઓ જોવા સફારી પાર્ક અને ઝાડવા ઉછેરવાની નર્સરી; લોકોને અતિશય મોંઘુ અને હાઈજીનીક ખાવાનું મળે તે માટે હોટલો અને ખરીદી કરવા મોલ્સ. આ બધું નદીકિનારાની ફળદ્રુપ ખેતીલાયક જમીન પર થઈ રહ્યું છે. વર્ષોથી જે આદિવાસીઓ ગામમાં રહે છે, ખેતી કરે છે, આજીવિકા મેળવે છે તેની જગ્યાએ હવે પ્રવાસીઓ માટેની આવી વ્યવસ્થાઓ ઊભી કરાશે. યેન કેન પ્રકારેણ આદિવાસીઓની સીધી બાદબાકી થઈ રહી છે.

ગામની જમીનો જોઈએ કારણ કે 'વ્યૂ' સારો મળે. ગામ નદીકિનારે ખરાં ને ! નર્મદા નદી સ્થાનિક ગામલોકો માટે હવે થોડી રહેવા દેવાની છે ?! ગામલોકોને ભલેને ખેતી માટે પાણી અને કાંપ આપે, માછીમારને માછલી અને લાકડું વગેરે નર્મદા નદી આજે પણ આપે છે. ઘરડાઓ આજે પણ સવાર-સાંજ આ નર્મદાના પવિત્ર જળમાં સ્નાન કરવા જાય જ.

પણ આ શું ? આ કંઈ નદીનો ઉપયોગ કહેવાય ? નદી હોય માત્ર પ્રવાસીઓને બોટિંગ કરવા, એડવેન્ચર સ્પોર્ટ માટે અને રીવર ક્રુઝ માણવા. પાણી પણ લોકોને જરૂર હોય ત્યારે નહીં, મોટા પ્રવાસીઓ આવે ત્યારે દેખાડા માટે છોડવાનું. નવી હોટેલો અને મકાનો પણ એવી રીતે બાંધવાં કે તમે એક રાત રોકાવ અને સવારે ઊઠીને બારી ખોલો તો નર્મદા નદી જ દેખાય. પાણી... પ્રવાસીઓ માટે !

કેટલાક પ્રવાસીઓ તો ઊડીને આવે ને ઊડીને જ ચાલ્યાં જાય. સામાન્ય પ્રવાસીઓ વાહનોમાં આવે. માટે રસ્તા પહોળા કરો. એક પટ્ટો નહીં, ચાર પટ્ટા ! અને હવે ટોલ ટેક્સ લેવાનું પણ શરૂ થશે. ટોલ ઉઘરાણી માટે કેબીનો તો બંધાઈને તૈયાર જ છે. રસ્તા પહોળા હવામાં તો થાય નહીં ! ફરી જમીન જ જોઈએ... આદિવાસીઓની ખેતીલાયક જમીન. રસ્તાની બંને બાજુનાં વર્ષો જૂનાં વૃક્ષોનું નિકંદન અને ખેતરોને દાટીને રસ્તાઓ પહોળા થયા. ચારે દિશાએથી સ્ટેચ્યુ પર આવતા રસ્તાઓ.

જમીન લઈ લીધી - લઈ રહ્યા છે, પાણી દૂર... દૂર જઈ રહ્યું છે, પ્રકૃતિનું નિકંદન ! જાણે એક સંસ્કૃતિ અને જીવનનો જ નાશ થઈ રહ્યો હોય છેલ્લા એક વર્ષથી. હજી ચાલુ જ રહેશે, પ્રવાસન વિકાસના નામે આ બધા વચ્ચે પણ પ્રવાસીઓની સુવિધા માટે કેટલાક સ્થાનિક લોકોએ લારી-ગલ્લા શરૂ કર્યાં. તાજું, ગરમ, સાત્ત્વિક છતાં સ્વાદિષ્ટ ચા-નાસ્તો વગેરે મળતાં થયાં. આમ પણ આપણા વડાપ્રધાન પકોડાને રોજગાર ગણાવે છે. પકોડા સાથે પૌંઆ, ખીચડી, ભજિયાં પણ રોજગાર ગણી જ શકાય ને ! વળી ચા તો એમણે પોતે પણ વેચી છે એટલે એનું મહત્ત્વ તો સમજતા જ હશે. સ્ટેચ્યુની આસપાસ પોલીસ, પ્રવાસીઓ અને કંપનીમાં કામ કરતા કર્મચારી અને મજૂરો પણ ચાનું મહત્ત્વ સમજતા. એટલે જ તો ગામલોકોના લારી-ગલ્લે જ જમાવટ થતી.

હવે લારી-ગલ્લે થોડું જ ખવાય ! એ પણ આટલું ભવ્ય સ્ટેચ્યુ જોવા આવો ત્યારે. ભલેને પછી ગમે તેટલું સારું કેમ ન હોય ? સ્થાનિક લોકોને રોજગાર કેમ ન મળતો હોય ? દરેક જગ્યાએ સર્વ સુલભ ભલેને હોય ! હવે તો હોટલમાં જવાનું. પ્રવાસીઓ ન આવે તો...!!

તોડી પાડો લારી-ગલ્લા. અરે પાડો શું ?! તોડી પાડ્યાં. હવે સરળતાથી નાસ્તો ન મળે. દૂર દૂરથી આવતા પ્રવાસીઓને તો ન જ મળે પણ જેમની હાજરીમાં લારી-ગલ્લા તોડી પાડ્યાં તે અધિકારીઓ અને પોલીસોને પણ ચા મેળવવા કષ્ટ સહન કરવું પડે અને શ્રેષ્ઠ ભારત ભવનની હોટેલમાં ચા મળે મોંઘીઘાટ. વળી ત્યાં જતા સામાન્ય માણસને સંકોચ થાય. જમીન, પાણી અને રોજગાર ખલાસ કરી પ્રવાસન વિકસાવવાનું.

આ બધા વચ્ચે ગામની નજીકની જમીન પર પરાણે પાર્કિંગ કરાવવામાં આવ્યું. ગામલોકોને જરા ડરાવવા, વળી એવું દેખાડવા કે અમે પણ કંઈક કરી શકીએ છીએ. આ પાર્કિંગ માટેની ટિકિટ આપવાનું કામ આપ્યું સ્થાનિક યુવાન દિલીપભાઈને. દિલીપભાઈએ કહ્યું કે આ રીતે તમે ગામલોકોને હેરાન કરવા પાર્કિંગ કરાવો અને ટિકિટ કાપવાનું કહો તે મારાથી નહીં બને. ગામની વિરુદ્ધ જઈ હું કોઈ કામ કરીશ નહીં.

અધિકારીએ ખરાબ શબ્દોમાં ધમકી આપી કે નોકરીમાંથી કાઢી મૂકીશું. તો દિલીપભાઈએ હિંમતભેર કહ્યું કે કાઢવો હોય તો કાઢી નાંખો પણ હું ગામની પડખે જ ઊભો રહીશ. આજે આ ના પાડવાની હિંમત ક્યાંથી લાવવી તે પ્રશ્ન છે. લડત ચાલુ છે... દિલીપભાઈએ એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આપણે સૌએ તેમાંથી શીખ લેવાની જરૂર છે. કેવડિયા, વાગડિયા, ગોરા, નવાગામના તમામ યુવાન-અબાલ-વૃદ્ધે દિલીપભાઈ બનવું પડશે. ત્યારે જ જમીનો બચશે.

- પાર્થ

(સાભાર : ભૂમિપુત્ર, તા.૧-૧૧-૨૦૧૯)

# જશ્ન અને નર્મદા ઘાટી પુનર્વસન પ્રશ્ન

(ગતાંકથી ચાલુ)

જુલાઈ-ઑગસ્ટમાં નિયમિત ધોરણે સરદાર સરોવરમાંથી પાણી છોડવાનું ચાલુ રાખ્યું હોત તો જળાશય ૧૨૨ મીટર પર રાખવું સહજતાથી શક્ય હતું. પણ ગુજરાત સરકારે, અને વડાપ્રધાને બિલકુલ ઠંડા કલેજે બંધના દરવાજા બંધ કર્યા અને આ ઘટનાને આકાર આપ્યો. ખરેખર તો તેઓ માત્ર ગુજરાતના જ નહીં પણ આખા દેશના વડાપ્રધાન છે. એટલે નૈતિકતાની વાત બાજુ પર રાખીએ તો પણ, તેમની બંધારણીય જવાબદારી હતી કે તેઓ માત્ર ગુજરાત જ નહીં પણ મધ્યપ્રદેશ સહિત આખા દેશના નાગરિકોનાં જીવન અને જીવિકાનું રક્ષણ કરે. બંધના દરવાજા બંધ જ રહ્યા અને પાણી ચઢતાં જ ગયાં.

આવી હાલતમાં, લોકશાહી પ્રક્રિયાનાં બધાં બારણે માથાં ભટકાવ્યા પછી, સત્યાગ્રહી આંદોલનકારીઓ માટે પોતાનો જાન દાવ પર લગાવવા સિવાય કોઈ રાહ બચે છે ખરો ? મેધાતાઈએ એ જ રાહ અપનાવ્યો. તેમણે રિલે ફાસ્ટને ૨૫ જુલાઈએ પોતાના અચોક્કસ મુદતના ઉપવાસમાં ફેરવ્યા. આમ તો, તેઓ માંદગીમાંથી બહાર આવ્યે થોડા દિવસ જ વીત્યા હતા. શરીરમાં તાવ સાથે એ ઘાટીમાં ફરી રહ્યાં હતાં. તાવથી આવેલી અશક્તિ દૂર થઈ ન હતી ત્યાં તેમણે અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કર્યા એટલે દેશભરમાંના એમના સાથીઓને ફાળ પડી. આવા ટાણે આગેવાને લીધેલા નિર્ણય સામે નારાજગી પણ વ્યક્ત થઈ. અચોક્કસ મુદતની હડતાળના કોઈ પણ ઈશારા વિના આ ઉપવાસ શરૂ થાય એ અમારા બધાં માટે ચિંતાની અને અણધારી બાબત હતી. આવી ચિંતા અને કંઈક નારાજગીની લાગણી સાથે હું બડદા પહોંચી.

એ વખતે ઘાટ આખો ડૂબી ગયેલો હતો, બાજુના મંદિરમાંય પાણી પેસી ગયાં હતાં. સત્યાગ્રહ સ્થળેથી માત્ર દસેક ફૂટ પાણી હતાં. આ સ્થિતિમાં પુરાણકથામાંના આરુણીની જેમ પોતાના શરીરનો બંધ બનાવીને ચઢતાં પાણી રોકવાં એ એકમાત્ર વિકલ્પ અજમાવવો જરૂરી છે એ પણ ધ્યાનમાં આવ્યું. આગલા ચારેક દિવસની સરખામણીએ પાણીની સપાટી પણ સ્થિર થઈ હતી એવું ત્યાંના કાર્યકર્તાઓનું માનવું હતું. ગામેગામ હાહાકાર મચેલો. ઘરો ડૂબી રહ્યાં હતાં, ખેતરો તો પહેલાં જ ડૂબ્યાં હતાં, રસ્તા તૂટી ગયા હતા. મધ્યપ્રદેશની સરકારે લોકોને ખેંચીતાણીને પાણીથી ઘેરાયેલા વિસ્તારમાંથી બહાર કાઢીને પતરાંનાં છાપરાંમાં ખડકી દીધા હતા. ત્યાં ન હતી પાણીની સગવડ, ન હતી ખાવાની વ્યવસ્થા... પશુધનનું શું કરવું એ સવાલ તો હતો જ. તેમ છતાં ગામેગામથી સ્ત્રીઓ અને પુરુષો સત્યાગ્રહસ્થળે પહોંચી રહ્યાં હતાં. એટલી જ તાકાત, ઊર્જા અને આશાથી નારા દોહરાવતાં હતાં - 'રહને દો હમેં જીને દો, માઁ નર્મદા કો બહને દો.' 'નર્મદા ઘાટી કરે પુકાર, ડૂબે નહીં માનવ અધિકાર.'

ઉપવાસના બીજા જ દિવસે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે મેધાતાઈ સાથે ફોન પર ચર્ચા કરી અને વચન આપ્યું. વચનો તો સતત મળતાં જ રહે છે. મંત્રી સામે નર્મદા આંદોલને એક સાદી માગણી મૂકી હતી : બંધમાં પાણી ભરાઈ રહ્યાં હોય ત્યાં ડૂબી રહેલાં ગામો ન ડૂબે એટલા માટે મધ્યપ્રદેશ સરકારે ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર અને નર્મદા વેલી કન્ટ્રોલ ઓથોરિટી પાસે એવો આગ્રહ રાખવો કે બંધમાં પાણી ન ભરવું, મધ્યપ્રદેશમાંના પુનર્વસન માટે આગામી એક વર્ષની મુદત મેળવવી અને એ સમયગાળામાં પુનર્વસનનું બાકીનું કામ પૂરું કરવું. સરદાર સરોવરને કારણે મધ્યપ્રદેશમાં અસરગ્રસ્ત થયેલા લોકો માટે ગુજરાત સરકારે ૧૮૫૭ કરોડ રૂપિયા આપવાના થાય છે, સરદાર સરોવરમાંથી અપેક્ષિત વીજ-ઉત્પાદન ન થયું હોવાને કારણે અને મધ્યપ્રદેશને તેનો મળવાપાત્ર હિસ્સો ન મળ્યો હોવાને કારણે ગુજરાત સરકાર પાસેથી તેણે ભરપાઈ મેળવવાની છે, એ મુદ્દા પણ આંદોલને સરકાર સામે મૂકેલી માગણીઓમાં હતા. પણ તાકીદની વાત હતી કે પુનર્વસન ન થાય ત્યાં સુધી બંધને ન ભરવાની, એમાંથી પૂર્વાર્ધની એટલે કે પુનર્વસનની જવાબદારી મધ્યપ્રદેશની હોય તો પણ ઉત્તરાર્ધ, એટલે કે બંધમાં પાણી ન ભરવાની બાબત પૂરેપૂરી વડાપ્રધાનના હાથમાં હતી એની પણ આંદોલનને ખબર હતી. એટલા માટે કોઈ નક્કર વચન લેખિત સ્વરૂપે ન મળે ત્યાં સુધી ઉપવાસ પાછા ખેંચવાનું શક્ય જ ન હતું.

છતાંય, એમ કહેવું ઘટે કે આ પહેલાંની શિવરાજસિંહ સરકારની સરખામણીએ કમલનાથ સરકાર પાસેથી બહુ તત્પર અને હકારાત્મક પ્રતિભાવ મળ્યો. ઉપવાસના બીજા જ દિવસે મધ્યપ્રદેશના ગૃહમંત્રી બાલાબચ્ચન સત્યાગ્રહ સ્થળે આવ્યા. એમણે બે વાત સ્વીકારી કે આંદોલનની બધી માગણીઓ વાજબી છે અને એ પૂરી કરવા માટે એમની સરકાર બંધાયેલી છે. સ્થાનિક ધારાસભ્ય અને મધ્યપ્રદેશના પર્યટન મંત્રી સુરેન્દ્રસિંહ બઘેલને આંદોલનની કટોકટીની દરેક ઘડીએ દોડી આવતા અમે છેલ્લાં કેટલાંક વર્ષોથી જોયા છે. અત્યારના આંદોલન વખતે બઘેલ પરદેશમાં હતા. પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરતું અને જવાબદારી નિભાવવાની ખાતરી આપતું વિડિયો નિવેદન તેમણે મોકલ્યું. દિગ્વિજયસિંહે મેધાતાઈ સાથે ફોન પર વાત કરી. સરકારમાંના લોકપ્રતિનિધિઓ અને વહીવટમાંના અધિકારીઓ સતત આવતા હતા, ચિંતા વ્યક્ત કરતા હતા. આવા માણસો આવે એટલે અસરગ્રસ્તો અને કાર્યકર્તાઓની લાગણીઓને ઊભરો આવતો. આ ઊભરામાં ડૂબાણ અને મેધાતાઈના ઉપવાસમાંથી આવેલો તણાવ જણાઈ આવતો. પણ એ ઊભરો ય સંયમિત અને અહિંસક લડતને શોભે તેવો જ હતો. જેમ કે, ઘાટીના કેટલાક યુવકો નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરિટીની બડવાની ખાતે આવેલી કચેરીમાં અધિકારીઓને સવાલ પૂછવા માટે ગયા. તેમને માહિતી મળી કે ત્યાંના બધા અધિકારીઓ ભાગી ગયા છે. એટલે

આ યુવકોએ કચેરીમાં પાણી અને કાદવ નાખીને એમનો ગુસ્સો બહાર કાઢ્યો. પણ આમ કરતી વખતે કચેરીના ફર્નિચરને નુકસાન ન થાય અને કોઈ કાગળને ધક્કો સુધ્ધાં ન લાગે તેની તકેદારી રાખી હતી. સેંકડો બાઈક્સ પર એક રેલી નીકળી, જે ગામેગામ પહોંચી, ત્યાંની હાલતની માહિતી મેળવી અને ઉધ્વસ્ત થયેલા લોકોને દિલાસો અને સાથનો સંદેશ આપી ગઈ. શિલ્પા બલ્લાળ નામના ફિલ્મ મેકરે સુનિલ સુક્થનકરના સહકારથી નર્મદા આંદોલન પર 'લકીર કે ઇસ તરફ' નામની ડૉક્યુમેન્ટરી ફિલ્મ બનાવી. એમાં તેમણે ડૂબમાં ગયેલાં ગામોમાં પહોંચીને ત્યાંની હાલતનો ચિતાર સોશ્યલ મીડિયા દ્વારા લોકો સુધી પહોંચાડ્યો. સહુથી મહત્ત્વની વાત એ બની કે મેધાતાઈના ઉપવાસ દરમિયાન પાણી ૧૩૪ થી ૧૩૪.૫ મીટર સુધી પહોંચીને અટક્યાં.

ઉપવાસના નવમા દિવસે મધ્યપ્રદેશના નિવૃત્ત સચિવ અને આંદોલનના હિતચિંતક શરદચન્દ્ર બેહર નર્મદા વેલી ડેવલપમેન્ટ ઑથોરિટીના કમિશનર સાથે મુખ્યમંત્રી કમલનાથનો પત્ર લઈને ઉપવાસના સ્થળે આવ્યા. કમલનાથનો પત્ર આમ તો સ્વયંસ્પષ્ટ હતો. તેમ છતાં, એકેએક મુદ્દા પર વિસ્તારથી ચર્ચા અને નક્કર વચનો પછી જ, એક અઠવાડિયા બાદ એટલે કે ૯ સપ્ટેમ્બરે ભોપાલ ખાતે બધા સંબંધિત અધિકારીઓની સાથે પુનર્વસનનું કામ અને સમયપત્રક નક્કી કરવા માટેની બેઠકનું વચન લઈને જ મેધાતાઈએ ઉપવાસ પાછા ખેંચ્યા (આ બધી બેઠકો દરમિયાન એક મહત્ત્વનો મુદ્દો ડૂબાણમાં ગયેલાં ગામ અને પરિવારોની સંખ્યાનો પણ હતો. મધ્યપ્રદેશ સરકારે પહેલાં જાહેર કરેલાં ૭૬ ગામ અને ૬૦૦૦ પરિવાર એ માત્ર એક જિલ્લાનો આંકડો છે. હકીકતમાં તો એ આંકડો ૧૭૮ ગામ અને ૩૨ હજાર પરિવારો એવો છે, જે નર્મદા વૅલી ડેવલપમેન્ટ ઑથોરિટીના અધિકારીઓએ સ્વીકારેલો છે. નોકરશાહીને માણસોનું જીવવું એ માત્ર આંકડાનો ખેલ લાગે છે, અને એ જિંદગી સામે કેટલી બેફિકરાઈથી જોવામાં આવે છે એનો આ આંકડાવારી એક દાખલો માત્ર હતો. એટલા માટે બેઠકો અને વાટાઘાટોમાં એકેક મુદ્દે લડીને નિર્ણયો કરાવવા પડે છે). પછી ઇંદોરમાં બેઠક થઈ. એ બેઠક દરમિયાન નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની કચેરીએ અડિંગો જમાવીને બેઠેલા હજારો વિસ્થાપિતો બધા નિર્ણયોની વિગતો પૂરેપૂરી નક્કી કરીને જ ઊભા થયા.

ઉપવાસના દિવસો દરમિયાન મેધાતાઈની તબિયત બહુ ઝડપથી કથળી રહી હતી. ઘાટીમાંનાં સ્ત્રી-પુરુષોના જીવ મેધાતાઈ માટે આકુળ-વ્યાકુળ થતા મેં જોયા છે. છેલ્લાં પાંત્રીસ વર્ષથી આ લડત લડી રહેલાં વૃદ્ધ પુરુષો સહિતનાં સેંકડો સ્ત્રી-પુરુષો 'અમે ભલે ડૂબી જઈએ, પણ મેધાતાઈનો જીવ બચાવો' એમ કહીને હિબકાં ભરીને રડી રહ્યાં હતાં. એ વખતે તપશ્ચર્યા એટલે શું એનો પણ અનુભવ મને થઈ રહ્યો હતો. નર્મદા બચાઓ આંદોલન આટલા લાંબા સમય માટે, આટલી સશક્ત અને શાંતિપૂર્ણ રીતે, બંધારણીય માર્ગો સાથે છેડો ફાડ્યા વિના ચાલ્યું; આટલા નિર્મમ, બેજવાબદાર જ નહીં પણ બેરહેમ સત્તાધારીઓની સામે ઊભા રહીને એ પ્રશ્નોનો નિકાલ કરી શક્યું - આ સમકાલીન ઈતિહાસના આપણે સાક્ષી છીએ, સાથી છીએ, એ લાગણી જ હૈયું ભરી દેનારી છે. અહીં એ પણ કહેવું ઘટે કે દેશની આ મહત્ત્વાકાંક્ષી મહાકાય નર્મદા યોજનામાં અસરગ્રસ્તોને ભલે સૈદ્ધાંતિક રીતે જ જે કેટલુંક મળી શક્યું તે આ મુજબ છે : ૧૫ હજારથી વધુ પરિવારોનું જમીન સામે જમીન આપીને પુનર્વસન, જેમને જમીન સામે જમીન આપવાનું સરકાર માટે શક્ય ન હોય ત્યાં મળવાપાત્ર પાંચ એકર જમીનને બદલે માથાદીઠ ૬૦ લાખ રૂપિયા નુકસાનભરપાઈ, ભૂમિહીનોને પણ માથાદીઠ ૫.૮૦ લાખ રૂપિયાની નુકસાનભરપાઈ; અને બધા અસરગ્રસ્તોનું વૈકલ્પિક ગામોમાં રહેઠાણનાં પ્લૉટ અને શહેરી સુવિધા સહિત પુનર્વસન. આ બધું નર્મદા બચાઓ આંદોલનને કારણે શક્ય બન્યું. અન્યથા, અનેક બંધો અને યોજનાઓનાં વિસ્થાપિતોની જેમ દેશના લોકો માટે આ નર્મદા યોજનાના અઢી લાખ લોકોનો અતોપતોય ન રહ્યો હોત. તદુપરાંત બંધથી થતાં નફા-નુકસાન અને એકંદર વિકાસનીતિ અંગેના જે મુદ્દા આંદોલને ઉપાડ્યા તેમ જ ચાલુ રાખ્યા એ બધા સાચા તો સાબિત થયા જ છે, પણ સાથે એ મુદ્દા પર આજે નહીં તો કાલે સરકારો તેમ જ સમાજને વિચાર કરવો પડવાનો છે. આંદોલનની સફળતા-નિષ્ફળતાનું મૂલ્યાંકન પણ તે તે મુજબ જ થવું જોઈએ, બરાબર ને ?

એક હૃદયસ્પર્શી પ્રસંગ કહીને અટકું. મેધાબહેને ઉપવાસ પાછા ખેંચ્યા બાદ, ગુજરાત સરકારે બંધમાં પાણી ભરવાનું પોતાનું સમયપત્રક વધુ ઝડપથી આગળ વધારીને બંધમાં પાણી ભર્યું. મેધાતાઈને ઉપવાસ બાદ જબરદસ્તીથી દવાખાનામાં દાખલ કરવામાં આવ્યાં હતાં. પહેલા બે દિવસ આઈ.સી.યુ. અને પછી એક-બે દિવસ સાદી નિગરાની હેઠળ તેમને રાખવામાં આવ્યાં હતાં. આ ચારેક દિવસ પછી મેધાતાઈ પહોંચ્યાં તે વધતાં જતાં ડૂબાણનો સામનો કરી રહેલાં ગામોમાં, પતરાંનાં છાપરાંમાં ખડકાયેલાં વિસ્થાપિતોની વચ્ચે. દરમિયાન પાણી ચાર મીટર વધુ ઊંચાં આવ્યાં અને તેણે આખુંય જનજીવન ભીંસમાં લીધું. ચિખલદા ગામના ચોકમાં આવેલું ગાંધીજીનું પૂતળું પણ જળમગ્ન થઈ ગયું હતું. એ પૂતળું આંદોલનનું પ્રેરણાસ્થાન રહ્યું છે. લોકોએ મેધાબહેનની હાજરીમાં એ પૂતળું હોડીઓ જોતરીને બહાર કાઢ્યું અને બંધનાં પાણી ન પહોંચી શકે એવી ઊંચાઈ પર ફરીથી ગોઠવ્યું. એ વખતે સૂકલકડી ગાંધીજીનું નાનકડું પૂતળું તેમના જ અનુયાયી સરદાર પટેલના સરકારી પૂતળાથી કેટલુંય ભવ્ય ભાસ્યું...

ગાંધીજીના જન્મના દોઢસોમા વર્ષમાં એમના સત્યાગ્રહી સંઘર્ષને નર્મદા બચાઓ આંદોલન કરતાં વધુ મોટી માનવંદના બીજી કઈ હોઈ શકે ? **(સમાપ્ત)**

**- સુનીતિ સુ. ૨.**

**- અનુ. સંજય શ્રીપાદ ભાવે**

**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧૬-૧૧-૨૦૧૯)**

# રાસાયણિક ખાતર : મોતનો વરસાદ

(ગતાંકથી ચાલુ)

આ બધા આંકડાઓ સાબિત કરે છે કે ફર્ટિલાઇઝરના વપરાશથી વધુ પાક ઊતરે છે એવો દાવો તદ્દન પોકળ છે. ઉપરના આંકડાથી સ્પષ્ટ થઈ જશે કે પાકના ઉતારમાં ફર્ટિલાઇઝરે નહીં, પણ જમીનની જાત અને આબોહવાએ જ મુખ્ય ભાગ ભજવ્યો છે.

(૧૯૮૭-'૮૮માં હેક્ટર દીઠ ભારતનો ફર્ટિલાઇઝરનો વપરાશ ૫૧ કિલો હતો અને અનાજનું ઉત્પાદન હેક્ટર દીઠ ૧૧૭૩.૦૦ કિલો હતું, પરંતુ તે વર્ષના બીજા દેશોના ફર્ટિલાઇઝરના વપરાશના તથા અનાજના ઉત્પાદનના આંકડા ઉપલબ્ધ ન હોવાથી ઉપર મુજબ ફર્ટિલાઇઝરના વપરાશ સાથે અનાજના ઉત્પાદનના સંબંધનું વિશ્લેષણ થઈ શક્યું નથી.

જોકે ભારતની દૃષ્ટિથી વિચારીએ તો ૧૯૬૦-'૬૧માં હેક્ટર દીઠ ફર્ટિલાઇઝરનો વપરાશ માત્ર બે કિલો આસપાસ હતો અને અનાજનું ઉત્પાદન હેક્ટર દીઠ ૭૧૦ કિલો હતું. ૧૯૮૭-'૮૮ના વર્ષમાં ફર્ટિલાઇઝરનો હેક્ટર દીઠ વપરાશ ૫૧ કિલો થયો. અર્થાત્ લગભગ ૨૭ વર્ષમાં ફર્ટિલાઇઝરના હેક્ટર દીઠ વપરાશમાં ૨૪૫૦નો વધારો થયો, જ્યારે અનાજના હેક્ટર દીઠ ઉત્પાદનમાં માત્ર ૬૪૦નો વધારો થયો. તે વધારો પણ સંકર બિયારણના વપરાશથી અને વધુ જમીનખેડાણ નીચે લાવ્યા પછીથી થયો છે. છતાં ભારત સરકારનું કૃષિ ખાતુ ફર્ટિલાઇઝરના વપરાશનાં ગુણગાન ગાયાં કરે છે અને ફર્ટિલાઇઝરના વપરાશથી અનાજનું ઉત્પાદન વધે છે એવાં જૂઠાણાંનો પ્રચાર કર્યા કરે છે, જે ભારતની ધરતીમાં ૧૯૬૦-'૬૧ના વર્ષમાં માત્ર ૨ કિલો ફર્ટિલાઇઝરના વપરાશથી ૭૧૦ કિલો અનાજનું ઉત્પાદન કરી શકાયું હતું, તે જ ધરતીમાંથી ૧૧૭૩ કિલો અનાજ મેળવવા ૫૧ કિલો ફર્ટિલાઇઝર ધરબી દેવામાં આવ્યું. એ જ સાબિત કરે છે કે રાસાયણિક ખાતરોના વપરાશથી જમીનની ફળદ્રુપતાનો કેટલો નાશ થયો છે! ભારત સરકારની કૃષિખાતાની રચના દેશની ફળદ્રુપ જમીનને રણપ્રદેશમાં ફેરવવા માટે કરવામાં આવી છે!

મુંબઈના એક જાણીતા અઠવાડિકે પશ્ચિમના દેશોના ચોખાની પેદાશના આંકડા પ્રસિદ્ધ કર્યા હતા. કટારલેખકોએ ચોખાના આંકડા વર્ણવ્યા છે, પરંતુ હકીકતમાં એ આંકડા ડાંગરના છે. કદાચ કટારલેખકને ચોખા અને ડાંગર વચ્ચેના તફાવતની ખબર નહીં હોય અથવા અધૂરા જ્ઞાનવાળા લેખકો લોકોને ગેરરસ્તે દોરી જતા હોય છે. તેમના મનમાં ખોટી માન્યતાઓ અને ખોટી ગ્રંથિઓ ઊપજાવે છે. એ આંકડા નીચે મુજબ છે :

| દેશનું નામ | એકર દીઠ ડાંગરનું ઉત્પાદન | દેશનું નામ | એકર દીઠ ડાંગરનું ઉત્પાદન |
|---|---|---|---|
| ફિલિપાઇન્સ | ૭૧૦ કિલો | ભારત | ૬૭૦ કિલો |
| બ્રાઝિલ | ૧૦૨૦ કિલો | થાઈલૅન્ડ | ૧૨૪૦ કિલો |
| બર્મા | ૧૫૦૦ કિલો | ચીન (૧૯૬૧-'૬૨) | ૧૫૬૦ કિલો |
| પોલૅન્ડ | ૧૭૮૦ કિલો | તાઇવાન | ૧૮૬૦ કિલો |
| ફ્રાન્સ | ૨૧૪૦ કિલો | યુએસએ | ૨૨૧૦ કિલો |
| જાપાન | ૨૭૨૦ કિલો | ઇજિપ્ત | ૨૯૨૦ કિલો |
| ઇટાલી | ૩૨૯૦ કિલો | ડેન્માર્ક | ૩૭૯૦ કિલો |
| ઑસ્ટ્રેલિયા | ૩૮૪૦ કિલો | | |

ભારતનું હેક્ટર દીઠ ચોખાનું ઉત્પાદન ૧૯૫૦-'૫૧માં ૬૬૮ કિલો હતું. ૧૯૬૦-'૬૧ના વર્ષમાં એ ઉત્પાદન વધીને ૧૦૧૩ કિલો થયું. ફર્ટિલાઇઝરનો વપરાશ એ દશકામાં નહિવત હતો. અર્થાત્ માત્ર છાણિયાં ખાતરના વપરાશથી દસ જ વર્ષમાં ચોખાના ઉત્પાદનમાં ૫૧.૬૦નો અર્થાત્ ૩૪૫ કિલોનો વધારો થયો.

૧૯૬૦-'૬૧ પછી ફર્ટિલાઇઝરનો વપરાશ વધુ માત્રામાં શરૂ થયો અને છતાં ૧૯૬૦-'૬૧ના ૧૦૧૩ કિલોના ઉત્પાદનથી ૧૯૮૬-૮૭ સુધીમાં બીજું ૪૫૮ કિલોનું ઉત્પાદન વધારતાં અર્થાત્ ૧૪૭૧ કિલો કરતાં ૨૬ વર્ષ લાગ્યાં. પહેલા દશકામાં ફર્ટિલાઇઝરના વપરાશ વિના ચોખાના હેક્ટર દીઠ ઉત્પાદનમાં ૫૧.૬૦નો વધારો થયો, જ્યારે ૨૬ વર્ષમાં ફર્ટિલાઇઝરના બેફામ વપરાશ પછી પણ હેક્ટર દીઠ ઉત્પાદનમાં માત્ર ૪૪૦નો વધારો થયો. અર્થાત્ ફર્ટિલાઇઝરના વપરાશથી અનાજનું ઉત્પાદન વધે છે એ સરિયામ જૂઠાણું છે.

ચીન ફર્ટિલાઇઝર વાપરતું નથી, તે માત્ર સેંદ્રિય ખાતર જ વાપરે છે. દર માઉ દીઠ (માઉ એટલે ૧/૬ એકર) ૧૦ ટન સેન્દ્રિય ખાતર વાપરીને એકર દીઠ ૬૦ ટકા ઉત્પાદન વધાર્યું છે. (Communist China Today- By Chandra Sekhar. Publishers Asian Publishing House 1962 Edition Page 40)

શ્રી ચંદ્રશેખરને ચીનના અનાજ ઉત્પાદન અને વપરાશના આંકડા ચીનના કૃષિ સંશોધનના આર્થિક વિભાગના ડાયરેક્ટર પાસેથી અને લાંબા ગાળાના આર્થિક આયોજન વિભાગના ડાયરેક્ટર મિ. ચેનસીન પાસેથી મળ્યા હતા.

જોકે આ આંકડા ખરા હોવા બાબત (કેટલાક વિશ્લેષણને આધારે) શંકા જ રહે છે.

**શંકાસ્પદ આંકડા**

બીજા દેશોના આંકડા પણ કેટલા ખરા હશે તે આપણે જાણતા નથી, પરંતુ તે શંકાસ્પદ તો લાગે છે જ, કારણકે એક કટારલેખકે ઑસ્ટ્રેલિયાને અનાજ ઉત્પાદનમાં છેલ્લેથી ત્રીજે નંબરે મૂકેલ છે, તો બીજા કટારલેખકે એને પ્રથમ નંબરે બેસાડેલ છે. તે જ પ્રમાણે બીજા દેશોના આંકડા પણ જુદા જુદા કટારલેખકો જુદા જુદા જણાવે છે. આશ્ચર્ય તો એ છે કે જે લોકો પરદેશોના આ ઉત્પાદનનાં વખાણ જ કર્યા કરે છે, તેઓ ભારતનું એકસો વરસ પહેલાનું ઉત્પાદન કેટલું હતું અને હવે શા માટે ઘટી ગયું છે? ફરીથી અગાઉના ઉત્પાદનને આંબી જવા શું કરવું જોઈએ? તે વિશે સદંતર મૌન સેવે છે. માત્ર ફર્ટિલાઇઝરનાં જ ગાણાં ગાયાં કરે છે.

એમ લાગે છે કે આપણા રાજદ્વારી નેતાઓ અને કટાર લેખકોને ખેતી, પશુ સંવર્ધન અને ઉદ્યોગોનું પણ ઘણું ઓછું જ્ઞાન છે, જેથી તેઓ જાણે અજાણે પરદેશી સ્થાપિત હિતોના પ્યાદા બનીને પરદેશોની સમૃદ્ધ ખેતીના કપોલકલ્પિત લખાણોની નકલો છાપી મારીને પ્રજાના મનમાં લઘુગ્રંથિ અને હતાશા પેદા કરે છે.

પરંતુ ઇન્ડિયન એક્સ્પ્રેસના અમેરિકાના ખબરપત્રી શ્રી વી. પરસુરામે અમેરિકાની યાંત્રિક ખેતી ઉપર સારો પ્રકાશ પાડ્યો છે. તા. ૩૧-૧-૧૯૬૭ના અંકમાં તે અમેરિકાથી લખે છે કે ''અમેરિકામાં ખેતીનું યાંત્રીકરણ કર્યા પછી ૨૦ વરસમાં ખેતીનો ઉત્પાદન ખર્ચ ૩૫ ટકા વધી ગયો છે. તે સમયના અમેરિકાના ખેતી ખાતાના મંત્રી શ્રી ફ્રીમેને કહ્યું હતું કે ''અમેરિકાના મજૂરની વાર્ષિક ૨૬૧૦ ડૉલરની કમાણી સામે ત્યાંના ખેડૂતની વાર્ષિક કમાણી માત્ર ૧૭૦૦ ડૉલર હતી,'' કારણકે યાંત્રીકરણથી પાક વધવાને બદલે માત્ર ખર્ચ જ વધી ગયો હતો. ખેતીના યાંત્રીકરણનો લાભ ખેડૂતને મળવાને બદલે યંત્રોના ઉત્પાદકોને મળે છે. સ્વતંત્ર ખેડૂત યંત્ર ઉત્પાદકોનો ઓશિંગણ બની જાય છે.

હાલમાં જ અમેરિકામાં ખેતીના યાંત્રીકરણ/ ઔદ્યોગિકીકરણ અને રાસાયણિક ખાતરના બેફામ વપરાશના માનવીય અને પર્યાવરણીય દુઃષ્પ્રભાવો પર પ્રકાશ પાડતું ઈ. જી. વેલિયાન્ટોસ લિખિત પુસ્તક ''હાર્વેસ્ટ ઑફ ડિવાસ્ટેશન'' બહાર પડ્યું છે. તેમાં જણાવ્યા મુજબ ૧૮૮૦ના દાયકાથી લઈ ૧૯૨૦ના દાયકા એટલે કે માત્ર ૫૦ વરસમાં અમેરિકાના દક્ષિણના મેદાની પ્રદેશોમાં ૧૦૦ મિલિયન (૧૦ કરોડ) એકર જમીન ''ડસ્ટ બાઉલ''-બિનઉપજાઉ ધૂળ-ઢેફાંનો પ્રદેશ-માં ફેરવાઈ ગઈ હતી, જે આ ધરતીની સહુથી મોટી અને વિનાશક પર્યાવરણીય હોનારત છે.

**ઉત્પાદન વધે છે ગુણવત્તા ઘટે છે**

અનાજનું એકર દીઠ ઉત્પાદન વધારા સાથે તેની ગુણવત્તા જળવાઈ રહે તે જરૂરનું છે. ભારતનાં શહેરોમાં વસતા લોકોને એ ખબર છે કે ફર્ટિલાઇઝરની મદદ વડે ઉગાડેલું પરદેશી અનાજ કેવા હલકા પ્રકારનું હોય છે. કોઈ વાર તો પક્ષીઓ પણ અનાજને અડતાં નથી. છતાં ભૂખ્યા લોકોને એ સડેલું, ગંધાતું અનાજ ખાઈને પેટ ભરવું પડતું.

એકર દીઠ અનાજ ઉત્પાદન વધારા સાથે તેની ગુણવત્તા વધવી જોઈએ અને તેના ભાવ નીચા લાવવા જોઈએ, તેને બદલે અનાજની ગુણવત્તા ઘટતી જાય છે તેમ જ તેના ભાવ વધતા જાય છે. ખેતીનો ઉત્પાદન ખર્ચ વધે એ ઘણી ગંભીર બાબત છે. જ્યારે ખેતીના યાંત્રીકરણથી ખેતીનો ખર્ચ વધે છે ત્યારે તેના ભાવવધારાનો ખેડૂતનો નફો ધોવાઈ જાય છે. માત્ર ટ્રેક્ટર, ફર્ટિલાઇઝર, જંતુનાશક દવાઓ, મોટરપંપો વગેરેના ઉત્પાદકોને જ અને હવે તો 'ડીઝલ નિકાસ કરનારા' આરબ દેશોને યાંત્રીકરણનો લાભ મળે છે. ઉત્પાદન ખર્ચ વધવાને કારણે અનાજના ભાવ વધે છે, પરિણામે બીજી ઔદ્યોગિક ચીજવસ્તુઓના ભાવ વધે છે. એટલે મજૂરો અને સરકારી કર્મચારીઓ મોંઘવારી ભથ્થું વધારી આપવાની માગણી કરે છે. સરકાર પોતાના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની માગને પહોંચી વળવા નવા કર ઝીંકે છે. એટલે ચીજવસ્તુઓ વધુ મોંઘી બને છે. એટલે ફરીથી વધુ મોંઘવારી ભથ્થાંની માગણી, તે ન સ્વીકારાય તો આંદોલનો, હડતાળો, તોફાનોનું વિષચક્ર વિસ્તૃત બનતું જાય છે. ઔદ્યોગિક ઉત્પાદનનો ખર્ચ, વધુ મોંઘવારી ભથ્થાં, વધુ ભારણ અને કાચી ચીજોના ભાવવધારાથી વધતો જાય છે; તેની માઠી અસર નિકાસ ઉપર પડે છે. જો નિકાસને વેગ આપવા છૂટછાટ આપવામાં આવે તો તેનો આખરી બોજો વાપરનારી પ્રજા ઉપર જ પડે છે. આમ અનાજ, કાપડ અને જીવનજરૂરિયાતની ચીજોના રોજ રોજ વધતા જતા ભાવો સામાન્ય જનતાને કચડી નાખે છે.

**રાષ્ટ્રનું માળખું હચમચી ઉઠે છે**

ફર્ટિલાઇઝરના ઉપયોગથી જો ખરેખર લાભ જ થતો હોય તો તે વાપરવા સામે કાંઈ વાંધો હોવો જોઈએ નહિ, પરંતુ તેના ઉપયોગથી જો રાષ્ટ્રનું માળખું હચમચી જતું હોય તો અમુક ચોક્કસ વર્ગને લાભ કરાવી દેવા ખાતર જ તેના વપરાશનો પ્રચાર કરવો એ રાષ્ટ્રનો ખુલ્લો દ્રોહ કરવા જેવું છે.

ઉપર જે આંકડા આપ્યા છે તે એમ સાબિત નથી કરતા કે ફર્ટિલાઇઝર નાખવાથી પાક વધારે ઊતરે છે. આ લેખની શરૂઆતમાં જ સમૃદ્ધ ખેતીની છ આવશ્યકતાઓ જણાવી છે, તેમાં પણ ફર્ટિલાઇઝરને સ્થાન નથી આપ્યું. ત્યાર પછી જે જુદા જુદા દેશોના ફર્ટિલાઇઝરના ઉપયોગનું પ્રમાણ અને પાકના આંકડા આપ્યા છે તે પણ સાબિત કરે છે કે માત્ર ફર્ટિલાઇઝરના ઉપયોગથી પાક વધારે ઊતરે છે તે માન્યતા ભૂલ ભરેલી છે. (ક્રમશઃ)

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2018-20
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

# મેકોલે સર્જિત નવી શિક્ષણ સંસ્થાઓને ઉત્તેજન આપવાથી નીચેના દોષો અચૂક રીતે પ્રાપ્ત થાય છે

(૧) ધન અને ધંધાના શોષણથી પ્રજામાં ઉત્પન્ન થતી ગરીબી અને બેકારીની જવાળાના કારણભૂત શોષણ ઉપર પડદો ઢંકાય છે. જવાળાના કારણોને બહાર જાહેરમાં આવવા દઈ તેને દૂર કરવાના પ્રયત્ન કરવાને બદલે તે ઢંકાઈ રહે તેવા આ પ્રયત્નો છે. જેથી પ્રજાને હિતકારક ન બનતાં ભારેલો અગ્નિ કાયમ રહી પ્રજાને નુકશાન જ કરે.

(૨) તથા એ બેકારી અને બિનરોજગારી દૂર કરવાના ઉપાય તરીકે નવું શિક્ષણ એવી રીતે અપાય કે એ ભણેલાઓ પોતાના ગામમાં ન રહેતાં, બહાર જાય. બહાર જેવું પડે. બહારથી આવેલા એ ભણેલાઓ એવા નવા ધંધાઓમાં ગોઠવાય કે જેથી બીજા હજારો લોકો બેકાર થાય, ને તે ભણવા જાય, તે ભણેલા વળી એવા કામોમાં ગોઠવાય કે બીજાનાં ધંધા તોડે એમ વિષચક્ર વિશાળ થતું થતું વધ્યે જ જાય.

(૩) અને તે **ભણેલાના જીવનમાંથી ધર્મપ્રધાન સંસ્કૃતિનો વારસો એવી રીતે તૂટતો જાય કે તેના ભાવિ સંતાનો ધર્મ પ્રધાન અહિંસક મહાસંસ્કૃતિના જીવનથી વંચિત તો રહે પરંતુ તેના પાકા શત્રુ પણ બનતા જાય.** વિચારથી અને સક્રિયતાથી પણ આ ત્રણ જાતના મહા અનર્થના કામોના ઉદ્‌ઘાટનો - મેળાવડા, મીઠા ભાષણો, એક બીજાની પ્રશંસાઓ, કેટલા બધા અનર્થોની પરાકાષ્ઠા ચાલે ? અને **અર્ધ ધાર્મિક ગણાતા માણસો વધુ પ્રતિષ્ઠિત બની ધર્મ ક્ષેત્રને ગુપ્ત રીતે ભવિષ્યને માટે ભયંકર ફટકો પાડે તે તુરતમાં જોઈ શકાય નહીં.** અને તેઓ વધારે મોટા ધાર્મિક ગણાય જેથી ઉત્તરોત્તર તે વિષચક્રની પરંપરા વધારે વધતી જ જાય, વધતી જ જાય. તેને અટકવાનો ક્યાંય માર્ગ ન મળે.

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

વર્તમાન વિશ્વમાં આકાર લેતી અનેક પ્રકારની આર્થિક, સામાજિક કે રાજકીય સમસ્યાઓ, તેના કારણો, તેના ઉકેલ આદિ અનેક પાસાંઓ પર અલગ-અલગ દૃષ્ટિકોણ ધરાવનાર ચિંતકો, વિચારકો અને લેખકોના વિવિધ લેખોનું સંપાદન કરીને વાચકો સુધી વિચારોના બીજ વાવવાનું કાર્ય વિનિયોગ સમાચાર કરી રહ્યું છે. લેખો અને લેખકોની પસંદગી અંગે પૂરતી કાળજી લેવાય છે છતા પણ લેખોની વિશ્વસનીયતા અને માહિતી અંગે સંસ્થા, સંપાદક અને પ્રકાશક કોઈ પણ પ્રકારે જવાબદાર રહેશે નહીં. જે તે લેખોના મંતવ્ય, બૌદ્ધિક મિલકત કે અધિકાર તે તે લેખકોના જ રહેશે.

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**